વિકલાંગ વ્યક્તિ (સમાન હક્ક, રક્ષણ અને સંપૂર્ણ સહયોગ) અધિનિયમ ૧૯૯૫ હેઠળ પોલીસ મહાનિરીક્ષક (તકનિકી સેવાઓ)ની કચેરી હેઠળની પોલીસ સબ ઈન્સપેક્ટર (એમ.ટી.)ની જગ્યાઓમાં વિકલાંગ વ્યક્તિઓ માટે સરકારી નોકરીમાં અનામતની જોગવાઈ બાબત.

---

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: મટસ/૧૦૨૦૧૫/૯૭૫/વ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૦૫/૨૦૧૯

**વંચાણમાં લીધા:**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૫/૨૦૦૬ નો પરિપત્ર ક્રમાંક: અપગ-૧૦૨૦૪૩-આઈ.૫૫/છ.૧

(૨) પોલીસ મહાનિરીક્ષક (તકનિકી સેવાઓ)ની કચેરીનો તા:૦૩/૦૬/૨૦૧૭નો પત્ર ક્રમાંક: એ-૧/સીધી ભરતી/એમટીપોસઈ/૧૮૦૭/૨૦૧૬.

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૨૬/૦૯/૨૦૧૭ના રોજ મળેલ તજજ્ઞ સમિતિની કાર્યવાહી નોંધ અન્વયે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૨૯/૦૯/૨૦૧૭ની કાર્યવાહી નોંધ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૭/૪૨૨૯૯૯/રો.૧

**ઠરાવ:**

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સંદર્ભ ક્રમાંક:(૧)માં દર્શાવેલ તા.૨૯/૦૫/૨૦૦૬ના પરિપત્ર ક્રમાંક: અપગ-૧૦૨૦૪૩-આઈ.૫૫/છ.૧ થી વિકલાંગ વ્યક્તિ (સમાન હક્ક, રક્ષણ અને સંપૂર્ણ સહયોગ) ધારો, ૧૯૯૫ની જોગવાઈ અનુસાર સરકારી સેવાઓમાં ૩% જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ સુનિશ્ચિત કરવામાં આવેલ હતી અને આ જગ્યાઓ પર નિમણૂક માટે કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો ચાલી શકે અથવા કઈ જગ્યા પર વિકલાંગ વ્યક્તિ ચાલી ન શકે તે સુનિશ્ચિત કરવા અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષપદે તજજ્ઞ સમિતિની બેઠક તા.૨૬/૦૯/૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ હતી અને ગૃહ વિભાગ હેઠળની જગ્યાઓ બાબતે વિચારણા કરવામાં આવેલ.

૨. આ સમિતિની તા.૨૬/૦૯/૨૦૧૭ના રોજ મળેલ બેઠકમાં ગૃહ વિભાગ હેઠળના પોલીસ મહાનિરીક્ષક (તકનિકી સેવાઓ)ની કચેરી, ગાંધીનગર હેઠળની પોલીસ સબ ઈન્સપેક્ટર(એમ.ટી.), વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓમાં આ જગ્યાઓની કામગીરી/સેવાનો પ્રકાર ધ્યાને લઈ વિકલાંગ વ્યક્તિઓને

નિમણૂક આપવામાંથી મુક્તિ મેળવવા અંગેની દરખાસ્ત સંદર્ભ ક્રમાંક (૨)માં દર્શાવેલ પત્ર મુજબ રજૂ કરી હતી. આ દરખાસ્ત ગૃહ વિભાગ દ્વારા તા.૧૫/૦૬/૨૦૧૭ના સરખા ક્રમાંકના પત્રથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને પેટા તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવા મોકલેલ હતી. જે અંગે સમિતિ દ્વારા વિચારણા કરીને ગૃહ વિભાગ હેઠળના પોલીસ મહાનિરીક્ષક (તકનિકી સેવાઓ)ની કચેરી, ગાંધીનગર હેઠળની પોલીસ સબ ઈન્સપેકટર (એમ.ટી.), વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ ઉપર વિકલાંગ ઉમેદવારોને નિમણૂક આપવામાંથી મુક્તિ માટે વિચારણા કરી સમિતિ દ્વારા કરેલ ભલામણ અન્વયે નીચે મુજબની જગ્યાઓને મુક્તિ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | વર્ગ | વિભાગની દરખાસ્ત | પેટા તજજ્ઞ સમિતિનો નિર્ણય |
|---|---|---|---|---|
| ૧ | પોલીસ સબ ઈન્સ્પેકટર (એમ.ટી.) | ૩ | સંપૂર્ણ મુક્તિ | સંપૂર્ણ મુક્તિ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

HMShrimali

(હેમંત શ્રીમાળી)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોકનં.૨/૧, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (તકનિકી સેવાઓ)ની કચેરી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- એ.જી.ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- આઈ.ટી.સેલ, ગૃહ વિભાગ (વિભાગની વેબ સાઈટ ઉપર મૂકવાની વિનંતી સાથે)
- સિલેક્ટ ફાઈલ (શાખા/ના.સે.અ.)